# નોંધણી કરાવીને મતદાન કરવા માટે તૈયાર બનો



ELECTORAL COMMISSION
TE KAITIAKI TAKE KŌWHIRI

## શા માટે મતદાન કરવા માટેની નોંધણી કરાવવી જોઈએ?

જો તમે મત આપવા માટે નોંધણી કરાવો છો, તો તમને સામાન્ય ચૂંટણીઓ, સ્થાનિક ચૂંટણીઓ અને લોકમતમાં તમારો મત આપવાની તક મળશે. ચૂંટણીઓ તમે જે મુદ્દાઓ પર ધ્યાન આપો છો તેના પર તમારું પ્રતિનિધિત્વ કોણ કરશે તેના વિશે કહેવાની તમારી તક પ્રદાન કરે છે.

**તમે મતદાન માટેની નોંધણી કરાવીને તમારા અવાજને સાંભળવામાં આવે છે તેવું સુનિશ્ચિત કરી શકો છો.**

## મતદાન કરવા માટે કોણ નોંધણી કરાવી શકે છે?

જો તમે આ બાબતોને સંતોષતા હોવ તો તમારે નોંધણી કરાવવી જ જોઈએ

- **તમે 18 વર્ષ કે તેનાથી વધારે વર્ષના છો, અને**
- **ન્યૂઝીલેન્ડના નાગરિક છો અથવા ન્યુઝીલેન્ડના કાયમી રહેવાસી છો, અને**
- **તમે તમારા જીવનના કોઈ સમયે સતત એક વર્ષથી વધુ સમય માટે ન્યૂઝીલેન્ડમાં રહ્યાં છો.**

જો તમે ઓસ્ટ્રેલિયન, કૂક આઈલેન્ડ માઓરી, નિયુઆન અથવા ટોકેલાઉઆનના છો, તો તેવા કિસ્સામાં જો તમે સતત 12 મહિના સુધી ન્યુઝીલેન્ડમાં રહેતા હોવ તો તમે નોંધણી કરાવી શકો છો

જો તમે વિદેશમાં રહેતા હોવ તો તમે 2023ની સામાન્ય ચૂંટણી માટે નોંધણી કરાવી શકો છો જો તમે:

- **તમે ન્યૂઝીલેન્ડના એક એવા નાગરિક છો જે છેલ્લા 6 વર્ષમાં ન્યૂઝીલેન્ડ આવેલાં, અથવા**
- **તમે ન્યૂઝીલેન્ડના કાયમી રહેવાસી છો જે છેલ્લા 4 વર્ષમાં ન્યૂઝીલેન્ડમાં આવેલાં.**

2023ની ચૂંટણી પછી આ નિયમ બદલાઈને ન્યૂઝીલેન્ડના નાગરિકો માટે 3 વર્ષનો અને ન્યૂઝીલેન્ડના કાયમી રહેવાસીઓ માટે 12 મહિના સુધીનો થઈ જશે.

ચૂંટણીલક્ષી હેતુઓ માટે, ન્યૂઝીલેન્ડમાં કાયદેસર રીતે રહેતી કોઈપણ વ્યક્તિ કાયમી રહેવાસી હોઈ શકે છે અને તેમને ચોક્કસ સમયની અંદર ન્યૂઝીલેન્ડ છોડવાની જરૂર નથી. આમાં રેસિડેન્ટ વિઝા પર રહેતી કોઈ વ્યક્તિનો પણ સમાવેશ થાય છે.

તમે એક વખત 17 વર્ષના થઈ ગયા બાદ નોંધણી કરાવી શકો છો. તમે જ્યારે 18 વર્ષના થઈ જશો, ત્યારે તમારી નોંધણી આપમેળે થઈ જશે અને તમે મતદાન કરવા માટે તૈયાર થઈ જશો.

## હું કઈ રીતે નોંધણી કરાવી શકું છું?

નોંધણી કરાવવી અથવા તમારી વિગતોને અદ્યતન કરવાનું સરળ છે. તમે આવું કરી શકો છો:

- Vote.nz **ની મુલાકાત લો** અને ઓનલાઈન નોંધણી કરવા માટે તમારા ન્યૂઝીલેન્ડ ડ્રાઈવર લાઈસન્સ, ન્યૂઝીલેન્ડ પાસપોર્ટ અથવા RealMe દ્વારા ચકાસાયેલ ઓળખનો ઉપયોગ કરો
- અહીં મફત કૉલ કરો **0800 36 76 56** અને તમને એક ફોર્મ મોકલવાનું કહો

જ્યારે તમે નોંધણી કરાવી લીધી હોય, ત્યારે તમારું નામ મતદાર યાદીમાં જશે. મતદાન કરવા માટે તમારૂં નામ મતદાર યાદીમાં હોવું જ જોઈએ.

તમે જ્યારેપણ તમારૂં ઘર બદલો એ દરેક વખતે તમારે તમારી વિગતોને અદ્યતન કરવી જરૂરી છે.

## તમારી વ્યક્તિગત સુરક્ષા સંબંધિત ચિંતા છે?

જો તમે તમારી વ્યક્તિગત અથવા તમારા પરિવારની સુરક્ષા વિશે ચિંતિત છો, તો તમે ગોપનીય અપ્રકાશિત યાદી પર જવા માટે અરજી કરી શકો છો. અમે તમારી નોંધણી સંબંધિત વિગતોને સુરક્ષિત રાખીશું અને અમે તે કોઈપણને આપીશું નહીં.

વધુ માહિતી મેળવવા અને અરજીનું ફોર્મ મેળવવા માટે **vote.nz** પર જાઓ અથવા **0800 36 76 56 પર કૉલ કરો.**

## નોંધણી કરાવવામાં મદદની જરૂર છે?

તમે જેને જાણતા હોવ તેવા કોઈ વ્યક્તિ, જેમ કે મિત્ર અથવા કુટુંબના સભ્યને પૂછી શકો છો, અથવા તમે અમારી નોંધણી ટીમને, તમારું નોંધણી ફોર્મ ભરવામાં મદદ કરવા અથવા તમારા માટે તમારું ફોર્મ ભરી આપવા માટે કહી શકો છો.

તમારે ફોર્મમાં સહી કરવી જરૂરી છે.

જો તમે એવી કોઈ વ્યક્તિને જાણો છો કે જે શારીરિક કે માનસિક ક્ષતિને કારણે તેમનું નોંધણી કરાવવા માટેનું ફોર્મ ભરી શકતાં નથી અને સહી કરી શકતાં નથી, તો કદાચ તમે મદદ કરી શકશો.

મત આપવા માટેની નોંધણી કરાવવામાં મદદ કરવા વિશે વધુ જાણવા માટે vote.nz **પર જાઓ.**

## જો તમે માઓરી હોવ તો મત આપવા માટેની નોંધણી કરાવી રહ્યાં છીએ

જો તમે માઓરી વંશના છો અને પ્રથમ વખત નોંધણી કરી રહ્યાં છો, તો તમારી પાસે એક મહત્વપૂર્ણ પસંદગી છે. તમારે એ નક્કી કરવું જરૂરી છે કે તમે કઈ મતદાર યાદીમાં રહેવા માંગો છો: સામાન્ય યાદીમાં કે માઓરી યાદીમાં. તમે કરેલી પસંદગી તમે સામાન્ય ચૂંટણીમાં કઈ મતદાર યાદી પ્રમાણે મત આપો છો તેને અસર કરે છે.

જો તમે સામાન્ય યાદી પસંદ કરો છો, તો તમે સામાન્ય મતદાર મંડળના ઉમેદવારને મત આપશો.

જો તમે માઓરી યાદીને પસંદ કરો છો, તો તમે માઓરી મતદારોના ઉમેદવારને મત આપશો.

તમે જે કોઈપણ યાદી પર હોવ તે રાજકીય પક્ષોની સમાન યાદીને મત આપશો.

તમે જે યાદી પસંદ કરો છો તે સ્થાનિક ચૂંટણીઓમાં તમે જે રીતે મતદાન કરો છો તેને અસર કરી શકે છે. જો તમે માઓરી યાદીમાં છો અને તમારા સ્થાનિક સત્તાધિકારી પાસે માઓરી વોર્ડ અથવા મતવિસ્તાર છે, તો તમે માઓરી વોર્ડ અથવા મતવિસ્તારના ઉમેદવારોને મત આપશો.

સામાન્ય ચૂંટણી અને સ્થાનિક ચૂંટણીના 3 મહિના પહેલા અને કેટલાક સંજોગોમાં સંસદીય પેટાચૂંટણી પહેલાના સમય સિવાય તમે કોઈપણ સમયે તમે જે યાદી પર છો તેને બદલી શકો છો.

## વધુ માહિતી જોઈએ છે?

નોંધણી કરાવવા વિશે અને મતદાન કરવા વિશેની વધુ માહિતી મેળવવા માટે:

- Vote.nz ની **મુલાકાત લો**
- 0800 36 76 56 પર કૉલ કરો

નોંધણી કરાવવા વિશેની અને મતદાન વિશેની માહિતી બહુવિધ ભાષાઓમાં **vote.nz** પર ઉપલબ્ધ છે.

ELECTORAL COMMISSION
TE KAITIAKI TAKE KŌWHIRI

ROE47 05/23_Gujarati